# महोपाध्याय श्रीयशोविजयजीगणिकृत
# १०१ बोलसंग्रह : भूमिका

-सं. विजयशीलचन्द्रसूरि

महोपाध्याय श्रीयशोविजयजी गणि विद्ज्जगतमां दार्शनिक अने समर्थ तार्किक तरीके प्रख्यात छे, तो धर्मना अने जैनाचार-विचारना क्षेत्रमां तेओ सैद्धान्तिक पुरुष तरीके सर्वमान्य छे. सैद्धान्तिक विचारो अने तेनी प्ररूपणा/प्रतिपादनमां तेमनो बोल अकाट्य अने तेमणे करेलुं अर्थघटन निर्विवादपणे सर्वग्राह्य गणाय छे.

तेओए जैन सिद्धन्तोनुं यथार्थ अर्थघटन करतां अनेक ग्रन्थो रच्या छे. ते ग्रन्थोमां, विविध सिद्धान्तो परत्वे अन्य जैन विद्वानो/साधुओए करेल प्ररूपणाओमां ज्यां पण विसंगति के वैपरीत्य होय तेने तेओए अत्यंत सूक्ष्मेक्षिकाथी, सिद्धान्तनुं शुद्ध हार्द पकडीने, मध्यस्थभावे, ते ते विसंगतिओ अने वैपरीत्यो प्रत्ये अंगुलिनिर्देश करीने तेनुं निरसन कर्युं छे, अने शुद्ध मत/अर्थनुं प्रतिपादन कर्युं छे. "प्रस्तुत १०१ बोलसंग्रह" पण तेमनी आ ज प्रकारनी एक रचना छे.

आ ग्रन्थ, केटलांक वर्षो अगाउ, आचार्य श्री यशोदेवसूरिजीना प्रयत्नथी छपायेल उपाध्याय यशोविजयजीनी अन्य चारेक रचनाओनी साथे, एक पुस्तक रूपे पालीताणा जैन साहित्य मन्दिरेथी प्रकाशित थयेल छे, जेमां तेनुं नाम "श्रीमद् यशोविजयजी गणिवर्य द्वारा संगृहीत १०८ बोलसंग्रह" एवुं आपवामां आव्युं छे. ए प्रकाशनमां प्रथमना चार बोल नथी, अने ते विशे तेना प्रारंभे जे सूचना मूकवामां आवी छे. तेमां जणाव्युं छे के –

"प्रस्तुत संग्रहकी पाण्डुलिपि का पहला पृष्ठ खो जाने अथवा नष्ट हो जाने के कारण क्रमांक १ से ४ तक के प्रश्न नहीं दिये गये है। यही कारण है कि इस ग्रन्थका आरम्भ पाँचवे बोलसे हो रहा है।"

अहीं आ सूचना विशे एटलुं ज कहेवानुं प्राप्त छे के एक ज प्रति ना आधारे तेनुं प्रकाशन करी देवानो मोह जतो करीने अन्यान्य ज्ञानभंडारोमां उपलब्ध थई शकती आ ग्रंथनी विविध प्रतिओ मेळवी होत तो उपर्युकत सूचना आपवी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पडी न होत, अने पूरा बोल आपी शकाया होत. वळी, ए प्रकाशनमां, आ ग्रंथनी समाप्ति पछी एवी टिप्पणी मूकी छे के—

"यह ग्रन्थ १०१ बोल पर ही समाप्त हो जाता है। सम्भवतः शेष बोल-प्रारम्भ के ५ बोलोंके समान ही मूल प्रतिमें नष्ट हो गये हैं।"

आ टिप्पणी साव निरर्थक एटला माटे छे के ए प्रकाशनमां ग्रंथनो अंत पण छे अने ते पछी कर्तानी तेमज लेखकनी पुष्पिका पण छे, जेथी स्पष्ट छे के ग्रंथ अधूरो नथी के तेनो अंतिम अंश नष्ट पण नथी. वस्तुतः आ ग्रंथ" १०८ बोलसंग्रह" छे ज नहि; आ तो १०१ बोलसंग्रह" ज छे. आ मुद्दो, अहीं, कर्ताना स्वहस्ते लखाएली प्रतिना आधारे निःसंदेह सिद्ध थई शके छे. अने प्रसंगोपात्त ए पण स्पष्ट थवुं घटे के आ ग्रंथ ए श्रीयशोविजयजी महाराजनी पोतानी रचना छे, पण तेमना द्वारा थयेलुं संकलन के संग्रहमात्र नथी. अर्थात् संगृहीत नहि, पण विरचित छे.

आ ग्रंथनुं प्रकाशन, एकवार, उपर कह्युं छे, तेम थई गयुं छे छतां अहीं तेनुं पुनः प्रकाशन करवानां कारणो ए छे के -

१. पूर्व-प्रकाशनमां जे अंश नथी छपायो, ते अंश अहीं प्राप्त छे.

२. जे प्रतिना आधारे आ वाचना तैयार थई छे ते प्रति ग्रंथकार श्रीयशोविजयजीए स्वहस्ते लखेल-ग्रंथना खरडारूप- छे, जेने कारणे वाचना एकदम शुद्ध अने पूर्ण मळे छे.

३. पूर्व-प्रकाशनमां आखी कृति अने तमाम (५ थी १००) बोलो अशुद्धप्राय तेमज घणा अंशो-वाक्यांशो वगेरे विना ज छपायेल छे. प्रस्तुत वाचनामां ते बधुं सहजपणे ज शुद्ध-पूर्ण जोवा मळशे.

४. पूर्व-प्रकाशननो आधार बनेली प्रति सं. १७४४मां कोई लेखके लखेली प्रति होई तेनी भाषा घणी बदलायेली छे. ज्यारे प्रस्तुत प्रति कर्तानी स्वहस्त होई तेनी भाषा तेमज जोडणी-बधुं असल रुपमां ज छे, अने ते ज रीते अत्रे प्रस्तुत पण थाय छे.

१२मा बोलमां श्रीयशोविजयजी महाराजे विविध ग्रंथोना नामो टांक्या

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

छे, तेमां "समयसारसूत्रवृत्ति" नुं पण नाम छे. ते उपर टिप्पणी करतां पूर्व-प्रकाशनना संपादके "इस प्रकारका गन्थ कौन सा है ? यह ज्ञात नहीं है । यहां जो साक्षी ग्रन्थ है वे श्वेताम्बरीय हैं । अत: 'समयसार' की कल्पना नहीं की जा सकती है ।" आवी नोंध मूकी छे, जे बराबर नथी, अने संपादकनी ओछी सज्जतानुं सूचन आपे छे. "समयसार" नामे एक प्राकृत-गाथाबद्ध रचना श्वेतम्बराचार्यनी पण छे, अने सम्भवत: यशोविजयजी तेने ज टांकता होय तेम जणाय छे.

समग्रपणे ग्रन्थावलोकन करतां जणाय छे के उपाध्याय श्री धर्मसागरजी महाराजे पोताना ग्रन्थोमां जे केटलीक प्ररूपणाओ करी हती, तेने कारणे तेमणे गुरुओ तथा गच्छनायको वगेरेनो रोष वहोरवो पडेलो, माफीपत्रो आपवां पडेला अने पोताना अमुक ग्रन्थोने जलशरण पण करवा पडेला. छतां ते ग्रंथोनो प्रचार तेमना परिवार द्वारा शरु ज रह्यो होवाथी ते ग्रंथोनी अमान्य करवी पडे तेवी वातोमां समाज अनाभोगे पण न खेंचाय, ते हेतुथी सैद्धान्तिक स्पष्टता करतो आ बोलसंग्रह श्रीयशोविजयजी महाराजे रच्यो छे, जे तेमना जेवी अतिसमर्थ प्रतिभा माटे ज शक्य अने न्याय्य छे.

आ ग्रन्थनी कर्तांना स्वहस्ताक्षरनी प्रति मारा पूज्य गुरुजी श्री विजयसूर्योदयसूरिजीना संग्रहमांथी प्राप्त थई छे. तेना ८ पत्रो छे. दोडती कलमे लखायेला खरडा जेवी अे प्रति छे, छतां शुद्ध छे. आ प्रतिना अंतमां "सम्यक्त्वनी दृढता करवी सही" एम लखाण पूरुं थाय छे ते साथे ज कर्ताए स्वहस्ते १०८ एवो अंक लख्यो छे, जे १००— आम पण वंचाय छे, अने १०८ एम पण वांची शकाय छे. संभव छे के आनी नकल करनाराओए १०८ वांच्युं होय अने ते परथी १०८ बोलसंग्रह एवुं नाम प्रवर्त्युं होय. ग्रन्थान्ते कोई वर्ष, स्थल वगेरेनो उल्लेख नथी.

प्रतिना आठमा पानानी बीजी पुंठी पर उपाध्यायजीए स्वहस्ते करेली विविध टूंकाक्षरी के सांकेतिक शास्त्रीय नोंधो छे. पोताने कोई ठेकाणे उपयोगमां लेवाना पाठो के पदार्थो जड्या के सूझ्या होय तेनी आ नोंध करी राखी होय तेम लागे छे. अवसरे आ नोंध उकेलीने विद्वानो समक्ष मूकवानुं मन छे ज.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## "१०१ बोलसंग्रह" नी वाचना

ऐं नमः ॥ सर्वज्ञशतकादिकग्रंथ माहिला विरुद्ध बोल जे धर्मपरीक्षा ग्रंथमांहि देखाड्या छइ ते माहिला केतलाएक मतभेद जाणवानिं अर्थिं लिखिइ छइ ॥

"उत्सूत्रभाषीनिं अनंतो ज संसार होइ" एहवूं लिखूं छइ ते न घटइ, जे **महानिशीथादिक** ग्रंथनिं विषइ अध्यवसायविशेषनी अपेक्षाइं तीर्थंकरनी महाआशातना करणहारनिं संख्यातादिक ३ भेद संसार कहिओ छइ, तथा मरीचिप्रमुख उत्सूत्रभाषीनिं असंख्यातादिक संसार पणि **शास्त्रिं** छइ ॥ १ ॥

"निहनव तीर्थोच्छेदनी बुद्धि उत्सूत्र भाषइ ते माटिं तेहनिं अनंतो ज संसार होइ, यथाछंद ते रीतिं उत्सूत्र न भाषइ ते माटिं तेहनिं अनंत संसारनो नियम नहीं," एहवूं लिख्यूं छइ ते न घटइ, जे माटिं यथाछंदनिं पणि सूत्रोच्छेदनो परिणाम होइ अनिं तीर्थोच्छेदनी परिं सूत्रोच्छेद पणि भारे कहिओ छइ **योगवीसी** प्रमुख ग्रंथमां ॥ २ ॥

"नियत उत्सूत्र भाषइ तेह निह्नव, अनियत उत्सूत्र बोलइ ते यथाछंद" एहवूं लिख्यूं छइ तिहां **उत्सूत्रकंदकुद्दाल** विना बीजा कोई ग्रन्थनी साखि नथी ॥३॥

"यथाछंदनि उत्सूत्र बोल्यानो निर्धार नथी " एहवूं लिख्यूं छइ ते न मिलइ, जे माटिं **आवश्यकव्यवहारभाष्यादिक** ग्रंथमां यथाछंद उत्सूत्रचारीनिं उत्सूत्रभाषी ज कहिओ छइ ॥ ४ ॥

"नियत उत्सूत्रथी अनियत उत्सूत्र हलुउं ज होइ" एहवूं कहइ छइ ते न घटइ, जे माटिं एक जातिनिं पापिं हिंसादिक आश्रवनी परिं नियतानियतभेदिं फेर कहिओ नथी ॥ ५ ॥

"कीधां पापनूं प्रायश्चित्त तेहज भविं आवइ पणि भवांतरिं नावइ," एहवूं लिख्यूं छइ ते न घटइ, जे माटिं **पंचसूत्रचतुःशरणादिक** ग्रंथनिं अनुसारिं भवांतरनां पापनूं पणि प्रायश्चित्त जाणइ छइ ॥६॥

"अभव्यनिं अनाभोगरूप एकज अव्यक्तमिथ्यात्व होइ गुणठाणुं न कहिइ",

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एहवूं **व्याख्यानविधि** मां लिख्यूं छइ ते अयुक्त, जे माटिं **गुणस्थानक्रमारोहादिक** ग्रंथइ अभव्यनिं व्यक्ताव्यक्त २ प्रकारिं मिथ्यात्व कहिउं छइ ॥७॥

वली तिहां एहवूं लिख्यूं छइ, जे "एक पुदगलपरावर्त्त संसार शेष जेहनिं होइ तेहनिं ज व्यक्त मिथ्यात्व कहिइ" ते सर्वथा न घटइ, जे माटिं तेहथी अधिक संसारी पणि पाखंडि व्यक्त मिथ्यात्वी ज कहिआ छइ अनें व्यक्त मिथ्यात्व ते गुणठाणुं छइ ॥ ८ ॥

"अनाभोगमिथ्यात्विं वर्त्तता जीव न मार्गगामी न वा उन्मार्गगामी कहिइ", एहवी कल्पना करि छइ ते कोइ ग्रंथि नथी अनि इम कहतां सघलइं ३ राशि कल्पाइ ॥ ९ ॥

"अभव्य अव्यवहारिया मां" कहिया छइ ते **उपदेशपदादिक** ग्रंथ साथिं तथा **लोकव्यवहार** साथिं पणि न मिलइ ॥ १० ॥

व्यवहारिया तथा अव्यवहारिया[१] (?) जीव सर्व, आवलिका असंख्येय भागसमयप्रमाण पुदगलपरावर्त्त पछी अवश्य मोक्षि जाइ, एहवूं लिख्यूं छइं, तिहां कोइ ग्रंथनी साखि नथी । साहमूं **भुवनभानुकेवलिचरित्र, योगबिन्दु** प्रमुख ग्रंथनी मेलिं व्यवहारिया थया पछी अनंता पुद्‌लपरावर्त पणि दीसइ छइ ॥११॥

"सूक्ष्म पृथिव्यादिक ४, तथा निगोद २, ए छ भेद अव्यवहारिया कहिइ", एहवूं लिख्यूं छइ ते न घटइ, जे माटिं **उपमितिभवप्रपंचा, समयसारसूत्रवृत्ति, भवभावनावृत्ति, श्राद्धदिनकृत्यवृत्ति, पुष्पमालावृत्ति, धर्मरत्नप्रकरणवृत्ति, संस्कृतनवतत्त्वसूत्रा**दिक ग्रंथनी मेलिं प्रकट ज बादरनिगोदादिक व्यवहारिया जाणइ छइ, एक सूक्ष्मनिगोद ज अव्यवहारिया कहिया छइ ॥१२॥

"ए **उपमितिभवप्रपंचादिक**नां वचन, **पन्नवणा** साथिं विरुद्ध अनाभोगपूर्वक एहवूं लिख्यूं छइ," ते पूर्वाचार्यनी आशातनानूं वचन जिनशासननी प्रक्रिया जाणइ ते किम बोलइ ? ॥ १३ ॥

---

१. "**तथा अव्यवहारिया**" आटलो पाठ हांसियामां x आवुं चिह्न करीने कर्ताए मूक्यो छे पण ते क्यां उमेरवो तेनुं सूचन/चिह्न जोवा मळतुं नथी; तेथी (?) साथे अहीं उमेरेल छे.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"अभव्य व्यवहारियाथी तथा अव्यवहारियाथी बाह्य छइ, एहवूं पणि **व्याख्यानविधिशतकमां** लिख्यूं छइ", ते पणि कल्पनामात्र ज जे माटइ अव्यवहार निगोदमां अभव्यनी विवक्षा नथी, आपातमात्रइ संभव हो तो हो, पणि बेहुथी बाह्य कल्पना नथी ॥ १४ ॥

"अनाभिग्रहिक मिथ्यात्व आभिग्रहिक सरिखुं आकरुं" एहवूं तत्र ज लिख्यूं छइ ते पणि न घटइ, जे माटिं **योगबिन्दु** प्रमुख ग्रंथिं अनाभिग्रहिक आदि धर्मभूमिका गुणरूप दीसइ छइ ॥ १५ ॥

"मिथ्यात्वीनिं देवाराधन अध्यवसाय जीवहिंसादिक अध्यवसायथी पणि घणुं दुष्ट" एहवूं **सर्वज्ञशतक** मां लिख्यूं छइ ए एकांत ग्रहवो ते खोटो, जे माटि आदि धार्मिकनिं साधारणदेवभक्ति **योगबिन्दु** प्रमुख ग्रंथमां संसार-तरणनूं हेतु कही छइ ॥ १६ ॥

"मिथ्यात्वीना गुण ते सर्वथा ज गुणमां न गणिइ" एहवूं कहइ छइ ते पणि न घटइ, जे माटिं मिथ्यादृष्टिना गुण आविं ज, सूधूं पहिलूं गुणठाणु होइ, एहवूं **योगदृष्टिसमुच्चय** ग्रंथमां कहिउं छइ ॥ १७ ॥

"पर समयमां नही निं स्वसमयमां कही, एहवी ज क्रिया सुपात्रदान जिनपूजा, सामाइक प्रमुख मार्गानुसारिपणानुं कारण", एहवूं कहिउं छइ, ते पणी एकांत न घटइ, [जे माटइं उभयसंमत दयादानादिक क्रियाइं पणि मार्गानुसारिपणुं **योगबिन्दु** प्रमुख ग्रंथइं कहिउं छइं] ॥ १८ ॥

"उत्कर्षथी अपादर्धपुदगलपरावर्त्त संसार शेष हो तेहमां मार्गानुसारी" एहवूं लिख्यूं छइ ते पणि विचारवूं, जे माटिं **उपदेशपदमां** वचनौषधप्रयोगकाल चरमपुद्गलपरावर्त्त ज कहिओ छइ तथा **योगबिंदु वीसविसी** प्रमुख ग्रंथानुसारिं पणि एक चरमपुदगलपरावर्त्त मार्गानुसारीनो काल जाणइ छइ ॥ १९ ॥

"सम्यक्त्वथी घणूं ढूकडो मार्गानुसारी होइ, ते संगम-नयसारादिक सरिखो ज पणि बीजो न कहिइ", एहवुं कहइ छइ ते न घटइ, जे माटिं अपुनर्बंधक १, सम्यग्दृष्टी २, चारित्री ३ ए ३ शास्त्रि धर्माधिकारी कहिआ छइ, ते तो आप आपणइ लक्षणिं जाणिइ पणि एक एकथी ढूकडापणानो तंत नथी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ते माटिं जिम सम्यग्दृष्टी चारित्रथी वेगलो पणि पामिइ तिम मार्गानुसारी सम्यक्त्वथी वेगलो पणि होइ ते वातनी ना नहीं ॥ २० ॥

"मिथ्यात्वीनी क्रिया व्याधादिकना मनुष्यपणानिं सरिखी" एहवूं लिख्यूं छइ ते महाद्वेषनुं वचन, जे माटिं अपुनर्बंधकना दयादिक गुण **उपदेशपदादिक** ग्रंथमां वीतरागनी सामान्यदेशनाना विषय कहिया छइ ॥ २१ ॥

"जैननी क्रियाइं अपुनर्बंधक होइ पणि अन्यदर्शननी क्रियाइं न होइ ज" एहवूं जे कहइ छइ ते न मानवूं, जे माटिं समयग्दृष्टी स्वशास्त्रनी ज क्रियाइं होइ अनिं अपुनर्बंध अनेक बौद्धादिक शास्त्रनी क्रियाइं अनेक प्रकारनो होइ एहवूं **योगबिंदु** प्रमुख ग्रंथि कहिउं छइ ॥ २२ ॥

"असद्ग्रहपरित्यागेनैव तत्त्वप्रतिपत्तिर्मार्गानुसारिता' एहवुं **वंदारुवृत्ति** कहउं छइ ते माटिं जैनशास्त्रना तत्त्व जाण्या विना मार्गानुसारी न होइ ज" एहवो एकांत पणि न घटइ, जे माटिं ए तंत ग्रहतां मेघकुमार हस्तिजीवनिं पणि मार्गानुसारिपणु नावइ योग्यता लेहइ तो कोइ दोष नथी ॥ २३ ॥

"**भगवती** मां ज्ञानरहित क्रियावंत देशाराधक कहिओ छइ ते भांगानो स्वामी **खारीनिं** टीकामां बालतपस्वी वखाण्यो छइ, ते मार्गानुसारी ज मिथ्यात्वी होइ ए अर्थ उवेखीनिं ए भांगानो स्वामी द्रव्यक्रियावंत अभव्य जे कहइ छइ आपछंदइ ते न घटइ," जे माटिं अभव्यादिकनिं देशथीइ आराधकपणूं नथी व्यवहारिं आराधकपणूं तेहनिं छइ" ते पणि न घटइ जे माटिं ए मुग्धव्यवहार लेखामां नहीं लिगव्यवहारनी परिं क्रियाव्यवहार पणि अपुनर्बंधकादि परिणाम विना **पंचाशकादिक** ग्रंथइं निरर्थक कहिओ छइ ॥ २४ ॥

"निह्नवइ क्रियाज्ञा नथी भागी अनिं सम्यक्त्वाज्ञा भागी छइ ते माटिं ते देशाराधक तथा देशविराधक कहिइ" एहवूं लिख्यूं छइ ते सर्वविरुद्ध, जे माटिं ते सर्वथा आज्ञाबाह्य ज कहिया छइ ॥ २५ ॥

"जेहनिं ज्ञान छतइ पाम्या चारित्रनो अंग होइ अथवा चारित्रनी अप्राप्ति होइ ते देशविराधक एहवूं **भगवती** वृत्तिं लिख्यूं छइ तेहमां चारित्रनी अप्राप्ति देश विराधक न घटइ" एहवूं लिख्यूं छइ ते प्रकट पूर्वाचार्यनी आशातनानूं वचन, जे माटिं परिभाषा लेतां कोइ दोष नथी ॥ २६ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सव्वप्पवायमूलं, दुवालसंगं जओ जिणक्खायं ।
रयणागरतुल्लं खलु, तो सव्वं सुंदरं तम्हि ॥ (उ. ६९४)

ए **उपदेशपद** गाथामां अन्यदर्शनमां पणि जीवदयादिक सुंदर वचन छइ ते **दृष्टिवाद**नां, ते माटिं तेहनी आशातनाई **दृष्टिवाद**नी आशातना थाइ, एहवा अर्थ छइ ते ऊथाप्यो छइ ॥ २७ ॥

तेहनी वृत्तिमां – 'उदधाविवे' त्यादि काव्यनी साखि लिखी छइं ते अयुक्ती, एहवूं कहिउं छइ ॥ २८ ॥

ते काव्यनो अर्थ फेरव्यो छइ ॥ २९ ॥

"मिथ्यात्वीनी क्रिया – आंबाना फलना अर्थीनिं वटवृक्षसरिखी; चारित्ररहित ज्ञान पोसमासिं आंबासरिखुं" एहवूं लिख्यूं छइ तिहां ए ओछूं जे अपुनर्बंधकादि क्रिया आंबाना बीजांकुरादिक सरिखी गणी नथी । **श्रीहरिभद्रसूरि**ना घणा ग्रंथमां ए अर्थ प्रगट छइ ॥ ३० ॥

"लौकिक मिथ्यात्वथी लोकोत्तर मिथ्यात्व भारी" एहवूं लिख्यूं छइ एह पणि एकांत नथी; जे माटिं बंधनी अपेक्षाइं लौकिक पणि भारे दीसइ छइ । **योगबिंदु**मां भिन्नग्रंथिनुं मिथ्यात्व हलुउं कहिउं छइ अभिन्नग्रंथनुं भारे कहिउं छइ ॥३१॥

"अनुमोदना तथा प्रशंसा ए २ भिन्न कहिइ" एहवूं लिख्यूं छइ ते न घटइ, जे माटिं **पंचाशकवृत्ति** प्रमुख ग्रंथिं प्रमोदप्रशंसादिलक्षण अनुमोदना कही छइ ॥ ३२ ॥

"मिथ्यादृष्टीना दयादिक गुण पणि न अनुमोदवा " एहवूं कहइ ते न घटइ, जे माटिं परसंबंधिया पणि दानरुचिपणा प्रमुख सामान्य धर्मना गुण अनुमोदवा योग्य कहिया छइ, **आराधनापताकादिक** ग्रंथिं तथा साधारणगुण प्रशंसा ए **धर्मबिंदु** सूत्रमां पणि लोक लोकोत्तर साधारण गुणनी प्रशंसा करवी कही छइ ॥ ३३ ॥

"मिथ्यात्वीना दयादिक गुण प्रशंसिइ पणि अनुमोदिइ नहिं" एहवूं कहइ छइ ते मायानुं वचन, जे माटिं खरी प्रशंसाइं अनुमोदना ज आवइ, अनिं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

खोटी प्रशंसानो तो विधि न होइ ।। ३४ ।।

"सम्यग्दृष्टी ज क्रियावादी होइ" एहवूं कहइ छइ ते न घटइ, जे माटिं एक पुद्गलपरावर्त्त शेष संसार क्रियारुचि क्रियावादी कहिओ छइं **दशाचूर्णि** प्रमुख ग्रंथिं ।। ३५ ।।

"मिथ्यात्वीनिं दयादिक गुणिं करि पणि सकामनिर्जरा न होइ" एहवूं लिख्यूं छइ ते न घटइ, जे माटिं मेघकुमार जीव हस्तिप्रमुखनिं दयादिक गुणिं संसार पातलो थयो ते सूत्रिं ज कहिउं छइ ते सकामनिर्जरा विना किम घटइ ? तथा मोक्षनिं अर्थिं निर्जरा ते सकामनिर्जरा कही छइ ।।३६।।

"कविला इत्थंपि अहयंपि" ए वचन मरीचीनी अपेक्षाइं उत्सूत्र नहिं, अनिं कपिलनी अपेक्षाइं उत्सूत्र, ते माटिं उत्सूत्रमिश्र कहिइ "एहवुं लिख्यूं छइ ते न घटइ, जे माटिं इम करतां सिद्धान्तवचन पणि सम्यग्दृष्टी मिथ्यादृष्टीनी अपेक्षाइं उत्सूत्रमिश्र थई जाइ तथा श्रुत भावभाषा मिश्र होइ ज नहीं एहवूं **दशवैकालिकनिर्युक्ति**मां कहिउं छइ ।। ३७)

"मरीचिनूं वचन दुर्भाषित कहिइ पणि उत्सूत्र न कहिइ" एहवूं कहइ छइ ते न मिलइ, जे माटिं **पंचाशकवृत्ति** दुर्भाषितपदनो अर्थ उत्सूत्र कहिओ छइ ।।३८।।

"उत्सूत्रलेश मरीचिनूं वचन कहिउं छइ ते माटिं उत्सूत्रमिश्र कहिइ" एहवूं कहइ छइ ते न घटइ, जे माटिं 'द्रव्यस्तवमां -भावलेश' **पंचाशकादिक** ग्रंथि कहिओ छइ ते पणि भावमिश्र होइ जाइ ।। ३९ ।।

"इयमयुक्ततरादुरन्तानन्तसंसारकारणम्" एहवूं **श्राद्धप्रतिक्रमणचूर्णि** कहिउं छइ, तेहनो अर्थ एह-" ए विपरीत प्ररूपणा घणूं अयुक्त दुरन्तानन्तसंसारनूं कारण, इहां एहवुं लिख्यूं छइ जे दुरन्तानन्त शब्दनो अर्थ न मिलइ 'दुरन्त'-ते जेहनो दुःखिं अंत आवइ, 'अनंत' ते जेहनो अंत नावइ ए पूर्वाचार्यना ग्रंथ खंडियानी खोटी कल्पना, जे माटिं 'दुरन्तानन्त' कहतां महानंत कहिइ "कालमणंतदुरंत" ए **उत्तराध्ययन**वचननी साखिं, इहां कोइ दोष नथी ।।४०।।

"जिनवचननो दूषनार जमालिनी परिं नाश पामइं अरघट्ट घटीयंत्र न्याइं संसारचक्रवाल भमइ एहवूं **सूयगडांगनिर्युक्ति**वृत्ति कहिउं छइ, ते माटिं जमालिनिं

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अनंतो ज संसार" एहवी कल्पना करइ छइ ते न घटइ, जे माटिं दृष्टांतमात्रि साध्यसिद्धि नो हि, नहिं तो उत्सूत्र प्ररूपणा अनंतसंसारहेतु कही छइ, तिहां **श्राद्ध-प्रतिक्रमणचूर्णि श्राद्धविध्यादिक** ग्रंथमां मरीचि दृष्टांत कहिओ छइ तेह भणी मरिचि पणि अनन्तसंसारी हुइ जाइ। तथा सूत्रविराधनाइं अनंता जीव चतुरंत संसार भम्या जमालिनिं परिं एहवूं **नंदीवृत्तिमां** कहिउं छइ ते भणि जमालिनिं च्यारइ गति हुइ जोईइ ॥ ४१ ॥

"**जमाली णं** भंते ! देवे ताओ देवलोगाओ कहिं गच्छिहि कहिं उववज्जिहि। गो०। चत्तारि पंच तिरिक्खजोणिय मणुअ देवभवग्गहणाइं संसारं अणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झिहिति" (श०९.उ.३३)

ए **भगवती सूत्रमां** 'चत्तारि पंच' कहतां ९ भेद तिर्यंचना लेईइ इम अनंता भव जमालिनिं थाइ एहवूं लिख्यूं छइ ते न मिलइं। जे माटिं एहवो विषम अर्थ पूर्विं कइणिं विवरिओ नथी तथा ९ भेद तिर्यंचमां पणि नियमिं अनंता भव आवइ नहीं ॥४२॥

कोइक तिर्यंचनी कायस्थिति लेई जमालिनिं अनंता भव कहइ छइ ते पणि कल्पना मात्र, जे माटिं सूत्रिं भवग्रहण ज कहियां छइ ॥ ४३ ॥

"च्युत्वा ततः पञ्चकृत्वो, भ्रान्त्वा तिर्यग्नृनाकिषु।
अवाप्तबोधिर्निर्वाणं, जमालिः समवाप्स्यति ॥ १ ॥"

ए हैमवीरचरित्रश्लोकमां एहवूं कहिउं छइ जे जमाली तिहांथी चवी ५ वार तिर्यंचमनुष्यदेवतामां भमी मोक्ष जास्यइ। एहथी अनंता भव नथी जणाता, तिहां कोइ कहइ छइ जे ५ वार तिर्यंचमां भमतां अनंता भव थाइ ते न मिलइ, जे माटिं भवग्रहणिं भमतां अनंत भव न घटइ ॥ ४४ ॥

"देव-किब्बिसिया णं भंते ! ताओ देवलोगाओ आउक्खएणं भवक्खएणं ठिइक्खएणं अणंतरं चइं चइता कहिं गच्छित कहिं उववज्जिति ? गो० जाव चत्तारि पंच णेरइयतिरिक्खजोणियमणुस्सदेवभवग्गहणाइं संसारं अणुपरिअट्टित्ता तओ पच्छा सिज्झंति बुज्झंति जाव अंतं करेंति ॥ (श० ९. उ. ३३)

ए सामान्य सूत्रि सामान्यथी देव किल्बिषियानिं 'चत्तारि पंच' शब्द थी

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अथवा 'जाव' शब्दथी जिम अनंतो संसार लीजइ तिम जमालिनिं सूत्रि पणि 'जाव' शब्द 'ताव' शब्द बाहिरंथी लेइ अनंतो संसार कहवो एहवूं लिख्यूं छइ, ते घणूं ज ताण्युं प्रतिभासइ छइ। तथा ए सामान्य सूत्रज एहवूं पणि संभवतूं नथी, जे माटिं- "अत्थेगइया अणादीयं अणवदग्गं दीहमद्धं चाउरंतसंसारकंतारं अणुपरिअट्टंति" (श० ९. उ. ३३) ए सूत्र अनंत संसारनुं आगलि कहिउं छइ ते माटिं पहिलुं सूत्र जमालि सरिखा देव किल्बिषियानूं ज संभवइ ॥४५॥

"अत्थेगइया' ए सूत्र अभव्य विशेषनी अपेक्षाइं, जे माटिं एहमां छेहडइ निर्वाण नथी कहिउं" एहवूं लिख्यूं छइ ते पणि न घटइ , जे माटिं असंवुडनिं सूत्रइं पणि छेहडइं निर्वाण कहिउं नथी तथा भव्यविषय पणि एहवां सूत्र घणां छइ ॥ ४६ ॥

"तिर्यग्मनुष्यदेवेषु, भ्रान्त्वा स कतिचिद् भवान् ।
भूत्वा महाविदेहेषु, दूरान्निर्वृतिमेष्यति ॥"

ए **उपदेशमालानी** कर्णिका श्लोकमां तिर्यंचमनुष्यदेवतामां केतलाएक भव करी जमालि मोक्ष जास्यइ एहवूं कहिउं छइ तेणि करी अनंता भव नावइ, तिहां कोइ कहइ छइ जे ए भव लोकनिंदित केतलाएक लीधां बीजां सूक्ष्म एकेन्द्रियादिकमां अनंता जाणवा",एह पणि घणुंज ताण्युं जणाइ छइ। जे माटि नाम लेई व्यक्तिं भव कहिया ते थूल किम कहिइ, अनि थाकता अनंता भव पणि स्या थकी जाण्या ? ॥ ४७ ॥

"कर्णिकामां दूरिं मोक्षिं जास्यइ एहवूं कहिउं ते माटिं केतलाएक भव कहिया तो पणि थाकता अनंता लेवा" एहवूं लिख्यूं छइ ते पणि पोतानी ज इच्छाइं, जे माटिं-

" तिर्यक्षु कानपि भवानतिवाह्य कांश्चिद्
देवेषु चोपचितसञ्चितकर्मवश्यः ।
लब्ध्वा ततः सुकृतजन्म गृहे विदेहे,
जन्मायमेष्यति सुखैकखनिर्विमुक्तिम् ॥

ए **सर्वानन्दसूरि**-विरचितोपदेशमालावृत्तिमां 'दूर' पद विनापि केतलाएक ज भव कहिया छइ ॥४८ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सिद्धर्षीय हेयोपादेय **उपदेशमालावृत्ति** केतलीएक परति अनंता भव दीसइ छइ ते माटि ते परतिनी अपेक्षा तिम कहवी, पणि बीजा ग्रंथनी अपेक्षाइं परिमित भव ज जमालिनिं कहवा एहवूं परमगुरुनूं वचन उवेखी अन्यथा एकांत अनंता भव जमालिनिं कहइ छइ ते न घटइ ॥ ४९ ॥

''तिर्यग्योनिक' शब्द ज सिद्धान्तनी शीलीइं अनंत भवनो वाचक छइ, एहवूं लिख्यूं छइ तिहां 'तिर्यग्योनीनां च' ए **तत्त्वार्थसूत्रनी** साखि दीधी छइ ते न घटइ, जे माटिं **तत्त्वार्थसूत्रमां** कायस्थितिनिं अधिकारिं तिर्यंचनिं अनंतकाल स्थिति लिखी छइ पणि तिर्यग्योनिक शब्द शीलीइं अनंता भव आवइं एहवूं किहांइ कहिउं नथी ॥ ५० ॥

''अशक्यपरिहार जीवविराधनाइं केवलीनिं जीवदयानो काययत्न निःफल थाइ'' एहवूं लिख्यूं छइ ते न घटइ, जे माटिं देशना देतां अभव्यादिकनिं विषइं जिम केवलीनो वचनयत्न निःफल न होइ तिम विहारादिक करतां काययत्न पणि जाणवो ॥ ५१ ॥

''तस्य असंचेय(य)उ, संचेययओ अ जाइं सत्ताइं ।
जोगं पप्प विणस्संति, णात्थि हिंसाफलं तस्स ॥''

ए **ओघनिर्युक्ति** गाथानो एहवो भाव छइ जे ज्ञानी कर्मक्षयनि अर्थिं उजमाल थयो तेहनिं यतना करतां पणि जीवनिं अणजाणवइ तथा जाणतां पणि यत्न करतां न राखी सकाइं तेणिं करी तेहना योग पामी जे जीव विणसइ छइ तेहनूं हिंसाफल सांपरायिक कर्मबंधरूप नथी केवल ईर्याप्रत्यय कर्म बंधाइ इहां ज्ञानी ११ गुणठाणानो ज जे लिइ छइ तो न मिलइ, जे माटि समान्यथी ज ज्ञानी इहां कहिओ छइ अनि अशक्य परिहार तो योगद्वारइं केवलिनिं पणि संभवइ ॥५२॥

''जीवरक्षोपायना अनाभोगथी ज यतीनिं जीवघात हुइ तेटल्यइ ते केवलीनिं न होइ'' एहवूं कहइ छइ ते न घटइ, जे माटिं ए रीतिं सहजिं ज केवलीनिं जीवरक्षा होइ तो पन्नवणामां ३६ पदिं जीवकुल भूमि देखी केवलीनिं उल्लंघन प्रलंघन क्रिया कही छइ ते न मिलइ ते आलावानो ए पाठ

''कायजोगं जुंजमाणे आगच्छेज्ज वा गच्छेज्ज वा चिट्ठेज्ज वा णिसीएज्ज

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

वा तुअट्टिएज्ज वा उल्लंघेज्ज वा पलंघेज्ज वा पाडिहारियं पीठफलगसेज्जासंथारं पच्चप्पिणत्ति" ॥ ५३ ॥

वर्ज्जनाभिप्राय छतइ अनाभोगिं जीवघात तथा तत्कृतकर्मबंधाभाव यतीनिं होइ अनिं वर्जनाभिप्राय तो पोतानिं दुर्गतिहेतु कर्मबंध थातो जाणी होइ ते भय केवलीनिं नथी ते माटिं वर्जनाभिप्राय नथी अनाभोगिं जीवघात नथी ए कल्पना करी छइ ते खोटी, जे माटिं अशुद्धाहारनी परिं जीवहिंसाइं पणि केवलीनिं स्वरूपिं वर्जनाभिप्राय होइ तथा अवश्यभावी जीवघात पणि संभवइ जिम यतीनिं नदी ऊतरतां ॥५४॥

"वीतराग गर्हणीय पाप हिंसादिक किस्यूंइ न करइ, एहवूं **उपदेशपदमां** कहिउं छइ, ते माटिं द्रव्यहिंसा केवलीनिं न होइ, जे माटि ते लोकदेखीति गर्हणीय छइ" ए वात कही छइ ते न मिलइ, जे माटि प्रतिज्ञाभंगिं ज गर्हा होइ पणि लोकगर्हाइं तंत नथी अनिं अकरणनियमइं अधिकारिं **उपदेशपद** पदनूं वचन छइ ते भणी भावहिंसानो अकरणनियम ज केवलीनिं देखाड्यो छइ ॥५५॥

"उपशांतमोहनिं मोहनीयकर्म छइ ते माटिं गर्हणीय हिंसा प्रतिसेवा होइ तो पणि मोहनीयना उदय विना उत्सूत्रप्रवृत्ति न होइ" एहवूं लिख्यूं छइ ते न मिलइ, जे माटिं प्रतिसेवीनिं उत्सूत्रप्रवृत्ति ज होइ तेथी अवश्यभावि-द्रव्य हिंसानिं दोष न कहिइ तो ज ११ गुणठाणइ अप्रतिसेवीपणूं तथा सूत्रचारीपणूं घटइ ॥५६॥

"गर्हणीय पाप मोहनीयमूल ते उपशांतमोहताइं ज होइ, अनिं अगर्हणीय पाप अनाभोगमूल आश्रवच्छयारूप क्षीणमोहनिं पणि होइ" एहवूं लिख्यूं छइ ते कोइ ग्रंथस्यूं न मिलइ । आश्रवच्छाया कहतां आश्रव ज आवइ, ते तो अगर्हणीय तुम्हारिं मतिं भावपाप छइ, तेहनी सत्ता क्षीणमोहनिं कहतां घणूंज विरुद्ध दीसइ ॥ ५७ ॥

"मोहनीयकर्मना उदयथीं भावाश्रव परिणाम होइ तेहनी सत्ताथी द्रव्याश्रव परिमाण होइ," एहवूं कहइ छइ ते न घटइ जे माटिं इम कहतां द्रव्यपरिग्रह पणि धर्मोपकरणरूप केवलीनिं न जोईइ ॥ ५८ ॥

एणिं ज करी उदित चारित्रमोहनीय असंयतीनिं भावाश्रवकारण प्रमत्तसंयतनिं पणि सत्तावर्ति चारित्रमोहनीय द्रव्याश्रवनूं कारण तेहमां अयतना सहित रागद्वेष ज

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रमाद गणिंइ तेहथी **प्रमत्तसंयत** लगइ द्रव्याश्रव होइ अनि अप्रमत्तनि मोहनीय-अनाभोग २ थी ते होइइ, इत्यादिक कल्पना पण निषेधी जाणवी । जे माटिं अप्रमत्तनिं द्रव्यपरिग्रहनि ठामि ए युक्ति न मिलइ तथा चारित्रमोहनीय सर्वनिं उदयथी भावश्रव कहिइ तो ४ गुणठाणादिकिं न घटइ । केतलाएकनो उदय लीजइ तो ते यतीनइं पणि छइ ३ कषायनी उदयसत्तानी मेलिं भावश्रव द्रव्याश्रवनो परिणाम कहिइ तो तेहनिं क्षइं छद्मस्थनिं पणि द्रव्याश्रव न हुओ जोईइ, तथा प्रमादिं भावाश्रव कहिओ छइ इत्यादिक न घटइ ।।५९।।

"अयतनया चरन् प्रमादानाभोगाभ्यां प्राणिभूतानि हिनस्ति" एहवूं **दशवैकालिकवृत्तिमां** कहिउ छइ ते माटिं प्रमाद अनाभोग विना केवलीनिं द्रव्यहिंसा न हुइ" एहवी मूलयुक्ति कहइ छइ तेहज खोटी, जे माटिं अवश्यभावि-हिंसानां ए कारण न कहियां । केवला अयतनानि उद्देशिं ए कारण कहियां सघलइ ए हेतु लीजइं तो आकुट्टिकादिक भेद न मिलइ ।।६०।।

"केवलीनिं द्रव्यहिंसा होइ ते सर्व प्रकार जाणतां हिंसानुबंधी रौद्रध्यान हुइ" एहवूं कहइ छइ ते खोटुं, जे माटिं इह कहतां द्रव्यपरिग्रह छइ तेहना सर्वप्रकार जाणतां संरक्षणानुबंधी रौद्रध्यान पणि न वारिउं जाइ ।।६१।।

प्रमत्तसंयत शुभयोगनी अपेक्षाइं अनारंभी, अशुभयोगनी अपेक्षाइं आरंभी **भगवतीसूत्रमां** कहिया छइ. तिहां 'शुभयोग ते उपयोगिं क्रिया, अशुभयोग ते अनुपयोगिं' एहवूं वृत्ति कहिउं छइ ते ऊवेषी अशुभयोग अपवादिं कहइ छइ ते प्रकट विरुद्ध, जे माटिं जाणी मृषावाद मायावत्तिया क्रिया भणी अप्रमत्तनि पणि प्रकट जाणइं छइ तथा अपवादिं पणि शास्त्ररीतिं **बृहत्कल्पादिकिं** शुद्धता ज कही छइ तो अशुभयोग किम कहिइ ।।६२।।

"आरंभिकी क्रिया छ गुणठाणइ सदा होइ," एहवूं लिख्यूं छइ ते न घटइ, जे माटिं अन्यतरप्रमत्तनि कायदुःप्रयोगभाविं ज आरंभिकी क्रिया **पन्नवणासूत्रवृत्तिमां** कही छइ ।। ६३ ।।

"केवलीनिं अपवाद नोहि ज" एहवूं कहइ छइ ते न घटइ, जे माटिं रात्रिं हिंडन, श्रुतव्यवहार प्रमाण राखवा निमित्त अनेषणीय आहारग्रहणादिक अपवाद केवलीनिं पणि कहिया छइ ।। ६४ ।।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ते अनेषणीय आहारग्रहण केवलीनिं सावद्य नथी ते माटिं तेहथी अपवाद न होइ, अनिं जो छद्मस्थ अनेषणीय जाणइं तो केवली भोजन न करइ. केवलीनी अपेक्षाइं व्यवहारशुद्धि इम न होइ ते भणी अत एव रेवती अशुद्ध जाणइ छइ ते भणी तेहनो कर्यो कोलापाक महावीरिं न लीधो" एहवी कल्पना करइ छइ पणि निरर्थक, जे माटिं रात्रिहिंडनादिक छद्मस्थ दुष्ट जाणइ छइ तो पणि भगवंतिं अपवादिं आदरिउं छइ, तथा निषिद्ध वस्तुलाभ जाणी उत्तमपुरुषिं आदरी ते अदुष्ट कही अपवाद न कहिइ तो अपवाद किंहांइ न होइ ।। ६५ ।।

"जाणीनिं जीवघात करइ तेहज आरंभक कहिइ" एहवूं कहइ छइ ते न मिलइ, जे माटिं इम कहतां एकेन्द्रियादिक सूत्रिं आरंभि कहिया छइ ते न घटइ ।।६६।।

"आभोगिं जीवहिंसा अवश्यभावीपणइ पणि यतीनिं होइ ज. नदी ऊतरता जलजीव विराधना होइ छइ ते पणि सचित्तता निश्चय नथी ते भणी अनाभोग-जन्याशक्यपरिहारइं" एहवुं कहइ छइ ते न घटइ, जे माटिं व्यवहार सचित्तता न आदरिइ तो सघलइ शंका न मिटइ, तथा नदीमां अनंतकाय निश्चइं सचित्तपणि छइ. आगमथी निश्चय थइं पणि देख्या विना अनाभोग कहीइ तो विश्वासी पुरुषिं कहिया जे वस्त्रादिकिं अंतरित त्रसजीव तेहनी विराधनाइं पणि अनाभोग थाइ ।।६७।।

"यतीनिं अनाभोगमूल ज हिंसा होइ तेहमां स्थावर सूक्ष्म त्रसनो अनाभोग केवलज्ञान विना न टलइ अनिं कुंथुप्रमुख स्थूल त्रसनो अनाभोग घणी यतनाइं टलइ. अत एव नदी ऊतरतां जल संयम दुराराधन कहिओ पणि कुंथुनी उत्पत्ति कहिओ ते माटिं नदी ऊतरतां जलजीवनिं अनाभोगिं संयम न भाजइ" एहवी कल्पना करइ छइ ते खोटी, जे माटिं त्रसनी परिं थावरनो आभोग पणि यतीनिं करवो कहिओ छइ. अत एव ८ सूक्ष्मादिक जीवानी यतना **दशवैकालिक**ग्रंथिं प्रसिद्ध छइ ।।६८।।

एजनादिक्रियायुक्तस्यारम्भाद्यवश्यम्भावाद् यदागमः

"जाव णं एस जीवे एयइ वेयइ चलइ फंदईत्या० यावदारंभे वट्टई" त्यादि. एहवूं **प्रवचनपरीक्षाइं** लुंपकाधिकारिं कहिउं छइ अनिं **सर्वज्ञशतकमां**

केवलीनिं अवश्यंभावीपणि आरंभ निषेध्यो छइ ए परस्पर विरुद्ध छइ ॥६९॥

"विनापवाद जाणी जीवघात करइ ते असंयत हुइ" एहवूं कहइ छइ ते खोटुं, जे माटिं अपवादिं आभोगिं हिंसाइं पणि जिम आशयशुद्धताथी दोष नहीं तिम अपवाद विना अशक्यपरिहार जीवविराधनाइं पणि आशयशुद्धताइं ज दोष न होइ. नही तो विहारादिक क्रिया सर्व दुष्ट थाइ. सिद्धान्तथी विराधनानो निश्चय थइं पोतानिं अदर्शनमात्रि जो विहारादिक क्रियामां जे विराधना छइ ते अनाभोगिं ज कहीइ तो निरंतर जीवाकुलभूमिका निर्धारी तिहां रात्रि विहार करतां विराधनानो अनाभोग कहवाइ ॥७०॥

"नदी ऊतरतां अभोगिं जलजीवविराधना यतीनिं हुइ तो जलजीवघातिं विरतिपरिणाम खंडित होइ ते भणि देशविरति थाइ जाणीनिं एकव्रतभंगिं सर्वविरति रहइ तो सम्यग्दृष्टी सर्वनिं चारित्र लेतां बाधक न होइ" एहवूं कहइ छइ ते न घटइ, जे माटिं नदी ऊतरतां द्रव्यहिंसाइ आज्ञाशुद्धपणइ ज दोष नथी. तथा सम्यग्दृष्टी योग्य जाणीनिं ज चारित्र आदरइ जिम व्यापारी व्यापार प्रतिं प्रिछी थोड़ी खोटि होइ अनिं संभाली लिइ तो बाधा नहीं पणि पहिलां खोटिज जाणी कोई सबलो व्यापार आदरइ नहीं ते प्रीछवूं ॥ ७१ ॥

"अपवादिं जिननो उपदेश होइ पणि विधिमुखि आदेश न होइ" एहवूं कहइ छइ ते खोटुं, जे माटिं छेदग्रंथि अपवादिं घणां विधिवचन दीसइ छइ ॥७२॥

"वस्त्रि गलिउं ज पाणी पीवूं इहां पीवानो सावद्यपणा माटिं विधि नहि पणि गलवानो ज विधि" एहवूं कहइ छइ ते न मिलइ, जे माटिं गालन पणि शस्त्र कहिउं छइ. यत :-

"उस्सिंचगालणधोअणे य उवगरणकोसभंडे य ।
बायर आउक्काए, एयं तु समासओ सत्थं ॥ आचारांगसूत्रनिर्युक्तौ ॥
(अ.१.नि.गा.११३) ॥ ७३ ॥

"द्रव्यहिंसाइं द्रव्यथी हिंसानुं पच्चक्खाण भाजइ" एहवूं कहइ छइ ते न घटइ, जे माटिं धर्मोपकरण राखतां द्रव्यथी परिग्रहनुं पच्चक्खाण भाजइ एहवूं दिगंबरिं कहिउं छइ. तिहां **विशेषावश्यकिं** द्रव्य-क्षेत्र-कालथी भावनुं ज पच्चक्खाण

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

होइ पणि केवल द्रव्यथी भंग न होइ ए रीतिं समाधान करिउं छइ ॥७४॥

"**श्रावकप्रतिक्रमणसूत्रवृत्तिमां** हिंसानी चोभंगीमां 'द्रव्यथी तथा भावथी न हिंसा मनोवाक्कायशुद्ध साधुनिं' ए भांगो कहिओ छइ तेहनो स्वामी तेरमा गुणठाणानो धणी ज जे फलावइ छइ अनिं चउदमा गुणठाणनो धणी निषेधइ छइ मनवचनकाययोग विना तेहथी शुद्ध न कहवाइ जिम वस्त्र विना वस्त्रि शुद्ध न कहिउ ते भणी" ते खोटुं, जिम जलस्नानिं जलसंसर्ग टल्या पछी पणि जलिं शुद्ध कहिइ तिम अयोगीनिं योग गया पछी पणि योगिं शुद्ध कहिइ ते माटिं साधु सर्वनिं जिवारिं द्रव्यहिंसा गुप्तिद्वाराइं न हुइ तिवारिं चोथो भांगो घटइ ॥७५॥

"द्रव्यहिंसा पणि हिंसादोषस्वरूप" एहवूं कहइ छइ ते न घटइ, "समितस्य-ईर्यासमितावुपयुक्तस्य या 'आहत्य' कदाचिदपि हिंसा भवेत्सा द्रव्यतो हिंसा, इयं च प्रमादयोगाभावात्तत्त्वतोऽहिंसैव मन्तव्या, 'प्रमत्तयोगात् प्राणव्यपरोपणं हिंसा' इति वचनात् (गा. ३९३२ वृत्तिः) ए **बृहत्कल्पवृत्ति** वचनिं अप्रमत्तनिं द्रव्यथी हिंसा ते अहिंसा ज जाणइ छइ ॥ ७६ ॥

बृहत्कल्पनी **भाष्यवृत्तिमां** वस्त्रच्छेदनादि व्यापार करतां जीवहिंसा होइ, जे माटिं 'जिहां ताइ जीव चालइ हालइ तिहां तांइ आरंभ होइ' एहवूं **भगवतीमां** कहिउं छइ एहवूं प्रेरकिं कहिउं ते उपरि समाधान करतां आचार्यि ते भगवती सूत्रना आलावानो अर्थ भिन्न न कहिओ केवल इमहज कहिउं जे आज्ञाशुद्धनिं द्रव्यथी हिंसा ते हिंसामां ज न गणिइ । यत :-

"यदेवं 'योगवन्तं' च्छेदनादिव्यापारवन्तं जीवं हिंसकं त्वं भाषसे तन्निश्चीयते सम्यक्सिद्धान्तमजानत एवं प्रलापः । सिद्धान्ते योगमात्रप्रत्ययादेव न हिंसोपवर्ण्यते, अप्रमत्तसंयतादीनां सयोगिकेवलिपर्यन्तानां योगवतामपि तदभावादित्यादि" (गा. ३९९२ वृत्तिः) तथाऽत्र चाद्यभंगे हिंसायां व्याप्रियमाणकाययोगेऽपि भावत उपयुक्ततया भगवद्भिरहिंसक एवोक्त इत्यादि" (गा. ३९३४ वृत्तिः) ।

एणिं करी जे इम कहइ छइ केवलीना योगथी द्रव्यहिंसा न होइ तेहनिं मतिइ अप्रमत्तना योगथी ज द्रव्यहिंसा न हुई जोईइ. जे माटिं पहिलइ चोथइ भंगिं करी अप्रमत्तादिक सयोगिकेवली तांइं सरिखा ज गण्या छइ. तथा अप्रमत्तनिं ज द्रव्यहिंसा कही तेणिं करी प्रमत्तसंयतनिं पणि जे द्रव्यहिंसा कहइ छइ ते

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सिद्धान्तविरुद्ध इत्यादिक घणूं विचारवूं ॥७७॥

"जावं च णं एस जीवे सया समिएयइ वेयइ चलइ फंदइ जाव तं तं भावं परिणमइ तावं च णं एस जीवे आरभइ सारभइ समारभइ" इत्यादिक **भगवती** मंडियपुत्रना आलावामां-

"इह जीवग्रहणेऽपि सयोग एवासौ ग्राह्योऽयोगस्यजनादेरसम्भवात्" ए वृत्तिवचन उल्लंघीनिं सयोगि जीव केवलिव्यतिरिक्त लेवो एहवूं लिख्यूं छइ तें प्रगट हठ जणाइ छइ ॥७८॥

"जिहां तांइ एजनादि क्रिया तिहां तांइं आरंभादिक ३नो नियम न घटइ, ते माटिं आरंभादिक शब्दि योगज कहिइ, योग हुइ तिहां तांइं अंतक्रिया न हुइ एहवो ए सूत्रनो अभिप्राय" एहवूं कहइ छइ ते अपूर्वज पंडित, जे माटिं ए अर्थ वृत्तिं नथी. तथा आरंभादिक अन्यतर नियमनिं अभिप्राइं सूत्रिं विरोध पणि नथी ए रीतिनां सूत्र बीजाइं दीसइ छइ. तथा हि-

"जाव णं एस जीवे सया समियं एयइ जाव तं तं भावं परिणमइ ताव णं अट्ठविहबंधए वा सत्तविहबंधए वा छव्विहबंधए वा एगविहबंधए वा नो णं अबंधए" इत्यादिक तथा-आरंभादिक ३ शब्दिं एक योगनो अर्थ ए पणि न संभवइ इत्यादि विचारवूं ॥७९॥

"तत्साक्षाज्जीवघातलक्षण आरम्भो नान्तक्रियाप्रतिबन्धकः, तदभावेऽन्त-क्रियाया अभणनात्, प्रत्युताऽन्त्रिकापुत्राचार्य-गजसुकुमारादिदृष्टान्तेन सत्यामपि जीवविराधनायां केवलज्ञानान्तक्रिययोर्जायमानत्वात् कुतस्त-त्प्रतिबन्धकत्वशङ्काऽपि" (गा. २९ वृत्तिः)

एहवूं **सर्वज्ञशतकमां** लिख्यूं छइं ते प्रकट स्वमतविरुद्ध ॥८०॥

शैलेश्यवस्थायां मशकादीनां कायसंस्पर्शेन प्राणत्यागेऽपि पञ्चधोपादान-कारणयोगाभावान्नास्ति बन्धः, उपशान्तक्षीणमोहसयोगिकेवलिनां स्थितिनिमित्त-कषायाभावात् सामायिक" इत्यादिक **आचारांगवृत्तिं** कहिउं छइ. तथा-

"सेलेसिं पडिवन्नस्स जे सत्ता फरिसं पप्प उद्दायंति मसगादी । तन्थ कम्मबंधो णत्थि । सजोगिस्स कम्मबंधो दो समया" ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

एहवूं **आचारांगचूर्णिमां** कहिउं छइ तिहां चउदमिं गुणठाणइ योग नथी ते माटिं तिहां केवलिकर्तृक मशकादिवध न होइ पणि मशकादिकर्तृक ज होइ, तद्गतोपादानकर्मबन्धकार्यकारणभावप्रपंचनिं अर्थि ए ग्रंथ छइ एहवी कल्पना करइ छइ ते खोटी, जे माटिं सामान्यथी साधुनिं अवश्यभाविजीवघातनिं अधिकारिं ज ए ग्रंथ चाल्यो छइ. तथा चउदमिं गुणठाणइ मशकादिकर्तृक ज मशकादिघात कहिइ तो पहिलां पणि तेहवो ते होइ युक्ति सरिखी छइ ते माटिं मोहनीयकर्म होइ तिहां तांइं जीवघातकर्ता कहिइ एह वचन पणि प्रमाणिक नहि, जे माटिं प्रमादि ज प्राणातिपातकर्ता कहिओ छइ इत्यादिक इहां घणूं विचारवूं ॥८१॥

''प्राइं असंभवी कदाचित् संभवइ ते अवश्यभावी कहिइ एहवो जीवघात अनाभोगिं छद्मस्थसंयतनिं होइ पणि केवलीनिं न होइ'' एहवूं कहइ छइ ते न घटइ, जे माटिं अनभिमतपणइ पणि अवर्जनीय ते अवश्यभावी कहिइ तेहवो द्रव्यवध अनाभोग विणा पणि संभवइ जिन यतीनिं नदी ऊतरतां ॥८२॥

''केवलीना योग ज जीवरक्षानुं कारण'' एहवूं कहइ छइ तेहनिं मतिं चउदमइ गुणठाणइ जीवरक्षाकारणयोग गया ते माटि हीनपणूं थयूं जोईइ ॥८३॥

''केवलीनिं बादरवायुकाय लागइ तिवारिं तथा नदी ऊतरतां अवश्यभाविनी जीवविराधना थाइ तिहां जे एहवूं कल्पइ छइ बादरवायुकाय अचित्तज केवलीनिं लागइ तथा नदी ऊतरतां केवलीनिं जल अचित्तपणइ ज परिणमइ'' तिहां कोइ प्रमाण नथी, केवल योगनो ज एहवो अतिशय कहिइ तो उल्लंघन-प्रलंघन-प्रतिलेखनादि व्यापारनूं निरर्थकपणुं थाइ ॥८४॥

एणिं ज करी ए कल्पना निषेधि जे केवली गमनादिपरिणत होइ तिवारिं आपिं ज कीडी प्रमुख जीव ओसरइ अथवा ओसरिया होइ पणि केवलीनी क्रियाइं प्रेरी क्रिया न करइ, जे माटिं इम कहतां जीवाकुल भूमि देखी केवलीनिं उल्लंघनादि व्यापार **पन्नवणा**मांहि कहिओ छइ ते न मिलइ तथा वस्त्रप्रतिलेखना पणि न मिलइ ॥८५॥

''अभयदयाणं ए सूत्रनी मेलिं भगवंतना शरीरथी जीवनिं सर्वथा भय न उपजइ'' एहवूं कहइ छइ ते न मिलइ, जे माटिं भगवंत वस्त्रादिकथी जीव अलगा मूकइ तेहनिं भय विना अपसरण न संभवइ. तथा 'अभयदयाणं' ए वचनिं

केवलिशरीरथी कोइनिं भय न ऊपजइ एहवूं कल्पि तो 'मंता मतिमं अभयं विदित्ता' इत्यादिक सूत्रनी मेलिं यतीमात्रना शरीरथी जीवनिं भय उपजवो न घटइ ॥ ८६ ॥

श्रीवर्धमाननिं देखीनिं हाली नाठो तिहां कोइ इम कल्पना करइ छइ जे "तिहां हालीना योग कारण, पणि भगवंतना योग कारण नहि" ते अति खोटुं, जे माटिं 'भगवंतं दट्ठूण धमधमेइ' एहवूं **व्यवहारचूर्णि** कहिइं छइ तेहनिं अनुसारि भगवंतना योग ज तिहां कारण जाणइ छइ तथा अन्यकर्तृक भय तेरमिं गुणठाणिं होइ तो चउदमा गुणठाणानी परिं अन्यकर्तृक हिंसा पणि हुई जाईइ ते तो स्वमत विरुद्ध ॥८७॥

'सव्वजियाणमहिंसं' इत्यादिक सूत्रनी मेलिं जे केवलीनिं अवश्यभाविनी हिंसा ऊथापइ छइ तेहनिं मतिं हिंसाइदोससुन्ना इत्यादिक सूत्रनी मेलिं सामान्य साधुनिं पणि ते ऊथापी जोईइ ॥८८॥

"जलचारणादिक लब्धिमंत यतीनिं जलादिकमां चालतां जलादिक जीवनो घात ज न होइ तो सर्वलब्धिसंपन्न केवलीनिं ते किम हुइ" एहवूं कहइ छइ ते न घटइ, जे माटिं लब्धिफल सर्व केवलीनिं छइ तो हि पणि लब्धिप्रयोग नथी ॥८९॥

"घातिकर्मक्षयथी ऊपनी जीवरक्षाहेतु लब्धि प्रयुंज्या विना ज केवलीनिं हुइ" एहवूं मानइ छइ तेहनिं मतिं चउदमिं गुणठाणइ मशकादिकर्तृक मशकादिवध मान्यो छइ तेह पणि न मिलइ, नहीं तो तेरमिं गुणठाणइ पणि तेहवो ते मान्यो जोईइ ॥९०॥

"द्रव्यहिंसाइं केवलीनिं १८ दोषरहितपणूं न घटइ" एहवूं कहइ छइ तेहनिं मतिं द्रव्यपरिग्रह छतां पणि १८ दोषरहितपणूं न मिलइ ॥९१॥

"प्राणातिपात मृषावादादि छद्मस्थलिंग मोहनीय अनाभोगमां एकइ विना न हुइ ते माटिं बारमिं गुणठाणइ मृषा भाषा **कर्मग्रंथा**दिकमां कही छइं स संभावनारूढ जाणवी," एहवूं कहइ छइ तेहनिं पूछवूं जे द्रव्यभाव विना संभावनारूढ त्रीजो किहां कहिओ छइ कालशूकरिकनिं कल्पित हिंसानी परिं ए संभावनारूढ मृषावाद लेवो एहवूं लिख्यूं छइ तेहनिं अनुसारिं तो अंतरंग भावमृषावाद ज बारमइ गुणठाणइ आवइ ॥९२॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"प्रतिलेखना प्रमार्जनादिक क्रिया क्षुद्रजंतु भयोत्पादकपणइ अपवादकल्प कहिइ ते छद्मस्थनूं लिंग केवलीनिं न होइ," एहवूं कहइ छइ ते न घटइ, ते (जे) माटिं उत्सर्ग अपवाद टाली त्रीजो अपवादकल्प किहांइ कहिओ नथी. इच्छांइ ३ भेद कल्पि उत्सर्गकल्पनामिं चोथो भेद कल्पतां पणि कुण ना कहइ ? तथा केवलिव्यवहारानुसारिं प्रतिलेखनादिक क्रिया पणि केवलीनिं छइ ते प्रीछवूं ॥ ९३ ॥

"बिलवासी मनुष्य पणि जातिस्मरणादिकिं मांसभक्षण अतिनिंदित जाणी परिहरइ छइ, ते माटिं मांसभक्षणथी सम्यक्त्वनो नाश ज होइ" एहवूं लिख्यूं छइ ते न घटइ, जे माटिं मांसभक्षणनी परिं परदारागमन पणि महानिंदित छइ तेहथी सत्यकिविद्याधर प्रमुखनिं जो सम्यक्त्व न गयुं तो मांसभक्षणथी कृष्णादिकनुं सम्यक्त्व न जाइ तिहां बाधक नथी ॥ ९४ ॥

"मांसाहार नरकायुर्बन्धस्थानक छइ ते माटिं तेहनी अनिवृत्तिं सम्यक्त्व न होइ" एहवूं लिख्यूं छइ ते न घटइ, जे माटिं महारंभ-परिग्रहादिक पणि नरकायुर्बंधस्थानक छइ तेहनी अनिवृत्ति प्रतिं जिम कृष्णादिकनिं सम्यक्त्व छइ तिम मांसभक्षणनी अनिवृत्ति पणि सम्यक्त्व होइ तिहां बाधक नथी ॥ ९५ ॥

"तए णं से दुवए राया कंपिल्लपुरं णगरं अणुप्पविसइ अणुप्पविसित्ता विपुलं असणं ४ उवक्खडावेइ उवक्खडावित्ता कोडुंबिय पुरिसे सद्दावेइ सद्दावेत्ता एवं वयासी-गच्छह णं तुब्भे देवाणुप्पिया ! विपुलं असणं ४ सुरं मज्जं मंसं पसन्नं च सुबहुपुप्फफलवत्थगंधमल्लालंकारं च वासुदेवपामोक्खाणं रायसहस्साणं आवासेसु साहरह ते वि साहरंति तए णं ते वासुदेवप्पामोक्खा विपुलं असणं ४ जाव पसन्नं असाएमाणा विहर(रं)ति" (ज्ञा.सू.१९८) ए **षष्ठांगसूत्र**वर्णनमात्र ज एहवूं लिख्यूं छइ" इम सद्दहतां नास्तिकपणूं थाइ, जे माटि स्वर्गध्यादि सूत्र पणि वर्णनमात्र कहतां कुण ना कहइ ? ॥ ९६ ॥

"ए सूत्रमां वासुदेवनिं मांसपरिभोग ते आज्ञा द्वारइं जाणवो. आज्ञा पणि ते ते अधिकारीनी द्वारइं, पणि साक्षात् नहि" एहवी कल्पना करी छइ ते न घटइ. जे माटिं आस्वादक्रियानो अन्वय वासुदेवप्रमुखनि कहिओ छइ तेहमांथी वासुदेवनिं आज्ञाद्वारइं आस्वादनक्रियानो अन्वय कहिइ तो वाक्यभेद थाइ एहवी कल्पना

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शास्त्रज्ञ न करइ ॥९७॥

"विधिप्रतिष्ठित ज प्रतिमा् जुहारवी ते तपागच्छनी ज पणि गच्छांतरनी नहीं" एहवूं कहइ छइ त न घटइ, जे माटिं प्रतिष्ठादिकनी सर्व विधि जोतां हवणां प्रतिमा वंदननूं दुर्लभपणूं होइ. तथा **श्राद्धविधिमां** आकारमात्रिं सर्व प्रतिमा वांदवाना अक्षर पणि छइ अविधिचैत्य वांदतां पणि विधिबहुमानादिक होइ तो अविधिदोष निरनुबंध हुइ इत्यादिक **श्रीहरिभद्रसूरिना** ग्रंथनिं अनुसारिं जाणवूं ॥९८॥

"गच्छांतरनो वेषधारी जिम वांदवा योग्य नहि तिम गच्छांतरनी प्रतिमा वांदवा योग्य नहीं" एहवूं कहइ छइ ते न घटइ, जे माटिं लिंगमां गुणदोष-विचारणा कही छइ पणि प्रतिमा सर्वशुद्धरूप ज कही. यतः-

"जइविय पडिमाउ जहा मुणिगुणसंकप्पकारणं लिंगं ।
उभयमवि अत्थि लिंगे ण य पडिमासूभयं अत्थि ॥१॥"
–वंदनकनिर्युक्तौ ॥९९॥

जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स ।
सा होइ णिज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स ॥ १ ॥

ए गाथामां अपवादपदप्रत्यय विराधना निर्जराहेतु होइ, एहवूं **पिंडनिर्युक्तवृत्ति** विवरिउं छइ ते ऊवेषीनिं जे इम कल्पइ छइ जे इहां विराधना निर्जराप्रतिबंधक नथी जीवघातपरिणामजन्यपणानिं अभाविं वर्जनाभिप्रायोपाधिनी अपेक्षाइं दुर्बल छइ ते वती, ते खोटुं, जे माटिं ए कल्पनांइं कदाचि अनाभोगहिंसा अदुष्ट आवइ पणि अपवादनी हिंसा अदुष्ट नावइ तिवारिं **मलयगिरि आचार्यना** साथिं विरोध थाइ ते विचारवुं ॥ १०० ॥

"दृष्टमंडलनिं विषइ जे साधु दीसइ छइ तपगच्छना ते टली बीजइ क्षेत्रि साधु नथी" एहवूं कहइ छइ ते न मिलइ. जे माटिं **महानिशीथदुःखमास्तोत्रादिकनिं** अनुसारिं क्षेत्रांतरिं साधुसत्ता संभवइ एहवूं परमगुरुनूं वचन छइ ॥ १०१ ॥

इत्यादिक घणा बोल विचारवाना छइ ते सुविहित गीतार्थना वचनथी निर्धारीनिं सम्यक्त्वनी दृढता करवी सही ॥ १०१ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org